# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
## હિંમતનગર

૭૬ મો વાર્ષિક અહેવાલ વર્ષ : ૨૦૨૩-૨૦૨૪




સહકારથી સમૃધ્ધિ...

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. હિંમતનગર

## વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓ


શ્રી હસમુખભાઈ દયાળજીભાઈ પટેલ
વાઈસ ચેરમેનશ્રી


શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ
ચેરમેનશ્રી


શ્રી રાજેન્દ્રકુમાર અમૃતભાઈ પટેલ
માનદ્‌મંત્રીશ્રી


શ્રી મણીભાઈ આઈ. પટેલ


શ્રી ભીખાભાઈ કે.પટેલ


શ્રી જગદીશભાઈ એસ.પટેલ


શ્રી જશુભાઈ જે. પટેલ


શ્રી બાબુભાઈ એમ. પટેલ


શ્રી બાબુભાઈ જી. પટેલ


શ્રી ગોપાળભાઈ એમ. પટેલ


શ્રી દિનેશભાઈ વી. પટેલ


શ્રી બાબુભાઈ એ. પટેલ


શ્રી હરીભાઈ ડી.પટેલ


શ્રી હસમુખભાઈ સી.પટેલ


શ્રી ભરતભાઈ જે.પટેલ


શ્રી લલીતકુમાર એમ.પટેલ


શ્રી સંજયકુમાર બી. પટેલ


શ્રી નરેન્દ્રભાઈ ટી.ઉપાધ્યાય


શ્રી એમ.આર.ત્રિવેદી
જિલ્લા રજીસ્ટ્રારશ્રી


ડૉ.આર.એસ.પટેલ
મેનેજરશ્રી

ફક્ત સભાસદો માટે જ

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર
# ૭૬મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગરના સહકારી મંડળી સભાસદો તથા 'અ' વર્ગના વ્યક્તિ સભાસદોના ડેલીગેટોને જાણ કરવામાં આવે છે કે આપણા સંઘની ૭૬ મા વર્ષની વાર્ષિક સાધારણ સભા **તા. ૨૬-૦૯-૨૦૨૪,** ગુરૂવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે **BAPS સ્વામિનારાયણ મંદિર, કાંકણોલ** (હિંમતનગર)માં નીચે મુજબ ના કામો કરવા માટે મળશે. તો તે સમયે અધિકૃત પ્રતિનિધિશ્રીએ વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા વિનંતી છે.

૧) ગત તા. ૧૯-૦૮-૨૦૨૩ નારોજ મળેલ વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ રજુ કરી મંજુર કરવા.

૨) સને ૨૦૨૩-૨૪ના હિસાબી વર્ષના કામકાજનો અહેવાલ તથા હિસાબો, વેપાર પત્રક, નફાતોટા પત્રક અને સરવૈયાને સંઘની મેનેજીંગ કમિટિએ સાધારણ સભાની મંજુરી માટે ભલામણ કરેલ છે તેને મંજુર કરવા.

૩) સંઘના પેટા નિયમો અનુસાર સને ૨૦૨૩-૨૪ના વર્ષના ચોખ્ખા નફાની કરેલ વહેચણી સંઘનીમેનેજીંગ કમિટિએ સાધારણ સભાની મંજુરી માટે ભલામણ કરી છે તેને મંજુર કરવા.

૪) સંઘના સને ૨૦૨૨-૨૩ના વર્ષના ઓડિટ મેમાની સંઘની મેનેજીંગ કમિટિએ કરેલ દુરસ્તી બહાલ રાખવા.

૫) સને ૨૦૨૪-૨૫ના વર્ષનું સંઘનું અંદાજપત્ર મંજુર કરવા બાબત.

૬) પ્રમુખશ્રીની પરવાનગીથી સંઘના હિતમાં યોગ્ય રીતે રજુ કરવામાં આવે તેવા બીજા કામો ઉપર વિચારણા કરવા.

---

ગુજરાત રાજ્ય સહકારી કાયદાની કલમ ૧૫ (ક) મુજબ ''અ'' વર્ગના વ્યક્તિ સભાસદોમાંથી ચૂંટાયેલ ડેલીગેટો જ વાર્ષિક સાધારણ સભાના કામકાજ માટે સભામાં હાજરી આપી જરૂર પડે મતદાન કરશે. બીજો ''અ'' વર્ગના વ્યક્તિ સભાસદો સાધારણ સભામાં હાજર રહી સાધારણ સભાની કાર્યવાહી જોઈ શકશે પણ તેમને કોઈપણ જાતનો અધિકાર રહેશે નહીં.

**સ્થળ : હિંમતનગર**
**તારીખ : ૦૩-૦૯-૨૦૨૪**

**સંચાલક મંડળ વતી,**
**શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ**
**ચેરમેનશ્રી**
**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ., હિંમતનગર**

**નોંધ :-**

૧. તા.૨૬-૦૯-૨૦૨૪ની સાધારણ સભા નોનકોરમ થશે તો સંઘના પેટાનિયમ ૨૭ (અ) મુજબ તે સભા તેજ દિવસે અડધા કલાક બાદ ફરી મળશે. અને જે તે એજન્ડા મુજબનું કામકાજ કરશે.

૨ સંઘના પેટા કાયદા નં.૨૬ મુજબ આ સંઘની તમામ સભ્ય સહકારી મંડળીઓએ સંઘની સાધારણ સભામાં મોકલવાના તેમના પ્રતિનિધિને અધિકૃત કરવા ઠરાવ કરીને ઠરાવની સહી સિક્કાવાળી ખરી નકલ તા.૨૨-૦૯-૨૦૨૪ સુધીમાં અત્રે પહોંચાડવી.

૩. આ અહેવાલ અને હિસાબો આપને મળ્યા પછી તેને લગતી કોઈ વધારાની માહિતીની જરૂર હોય તો તા.૨૨-૦૯-૨૦૨૪ પહેલા સંઘની હેડ ઓફિસે લેખીત આપવા વિનંતી છે.

૪. સંઘના અ વર્ગના મંડળી સભાસદોએ ધારણ કરેલ શેર ઉપર જાહેર કરેલ ડિવીડન્ડની રકમ જે તે મંડળીના બેંક ખાતામાં જમા આપવામાં આવશે. તેથી દરેક મંડળીઓએ બેંક એકા. નંબર સંઘમાં લેખીતમાં અવશ્ય આપેલ હોવો જોઈશે તથા વ્યક્તિ સભાસદોએ સંઘની હેડ ઓફિસેથી ડિવીડન્ડની રકમ મેળવી લેવી નહિતર સંઘના પેટા કાયદા નં.૪૩ મુજબ ત્રણ વર્ષની અંદર તે રકમની માંગણી નહિ કરવામાં આવે તો તે રિઝર્વ ફંડ ખાતે જમા કરવામાં આવશે.

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

## હિંમતનગર

સ્થાપના તા. ૨૪-૨-૧૯૪૯

રજીસ્ટ્રેશન નંબર : ૧૨૫૮૯

## વ્યવસ્થાપક કમિટિ સભ્યશ્રીઓ

| અ.નં. | સભ્યશ્રીનું નામ | પ્રતિનિધિત્વ | હોદ્દો | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જેઠાભાઇ પ્રભુદાસ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | ચેરમેન | જામળા,તા.હિંમતનગર |
| ૨ | શ્રી હસમુખભાઇ દયાળજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વા.ચેરમેન | મેઢાસણ,તા. મોડાસા |
| ૩ | શ્રી રાજેન્દ્રકુમાર અમૃતભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | માનદ્ મંત્રી | રતનપુર, તા. ઇડર |
| ૪ | શ્રી ભીખાભાઇ કાંહ્યાભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | મોહનપુર, તા. ભિલોડા |
| ૫ | શ્રી જગદીશભાઇ શામજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | કોટેશ્વર ફાર્મ, વડાગામ તા.ધનસુરા |
| ૬ | શ્રી મણીભાઇ ઇશ્વરભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | અંબાવાડા, તા. પ્રાંતિજ |
| ૭ | શ્રી જશુભાઇ જગુભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | રૂદ્રમાળા,તા. ખેડબ્રહ્મા |
| ૮ | શ્રી દિનેશભાઇ વરવાભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વદરાડ, તા.પ્રાંતિજ |
| ૯ | શ્રી બાબુભાઇ ગોપાળભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | તલોદગામ, તા. તલોદ |
| ૧૦ | શ્રી બાબુભાઇ મથુરભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ચોઇલા, તા. બાયડ |
| ૧૧ | શ્રી ગોપાળભાઇ મોહનભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ઉભરાણ, તા. માલપુર |
| ૧૨ | શ્રી હરીભાઇ દલજીભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વસાઇ, તા. ઇડર |
| ૧૩ | શ્રી ભરતભાઇ જયંતિભાઇ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | ધામડી, તા. વડાલી. |
| ૧૪ | શ્રી સંજયકુમાર બાબુલાલ પટેલ | સહકારી મંડળી સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | બલોચપુરકંપા, તા.હિંમતનગર |
| ૧૫ | શ્રી બાબુભાઇ અમીચંદભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | વામોજ, તા. હિંમતનગર |
| ૧૬ | શ્રી લલીતકુમાર મંગળદાસ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | અંબાવાડા, તા.પ્રાંતિજ |
| ૧૭ | શ્રી હસમુખભાઇ ચીમનભાઇ પટેલ | વ્યક્તિ સભાસદોના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | હડિયોલ, તા. હિંમતતનગર |
| ૧૮ | શ્રી નરેન્દ્રભાઇ ત્રિભોવનદાસ ઉપાધ્યાય | સા.કાં. બેન્ક પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | મેઘરજ, તા. મેઘરજ |
| ૧૯ | શ્રી જિલ્લા રજીસ્ટ્રાર, સહ. મંડળીઓ | સહકારી ખાતાના પ્રતિનિધિ | વ્ય.ક.સભ્ય | હિંમતનગર |

## :: બેન્કર્સ ::

**ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ,**
**હિંમતનગર**

**ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ.**
**અમદાવાદ**

**સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા**
**હિંમતનગર**

**એકસીસ બેંક લિં.**
**હિંમતનગર**

**એચ.ડી.એફ.સી. બેંક**
**હિંમતનગર**

**ડૉ.આર.એસ.પટેલ**
**મેનેજર**
**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.**

# હેવેલ્સ ઈલેક્ટ્રીકલ્સ વિભાગનો શુભારંભ










## સહયોગ થી સમૃદ્ધિ કાર્યક્રમ


IFFCO-MC

CERTIFICATE OF ACHIEVEMENT

IFFCO-MC is pleased to appreciate the remarkable efforts & perseverance of

SK DPSU -HIMMATNAGAR, SABARKANTHA

as

ELITE CHANNEL PARTNER

Sanjeev Sinha (Head Marketing) | Navin Nath (Chief Operating Officer) | Anil Dhingra (MD&CEO)

IFFCO-MC Crop Science Pvt. Ltd.

સાબરસંઘની ટીમને ઈફકો એમ.સી. દ્વારા સર્ટીફીકેટ ઓફ એચીવમેન્ટનું પ્રમાણપત્ર



# ઈફકો પાક રક્ષક દવા અંગે માર્ગદર્શન



## સ્ટાફ માર્ગદર્શન



## ખેડૂત માર્ગદર્શન






## ડ્રોન ટેકનોલોજી દ્વારા દવા છંટકાવ





# કાપડ વિભાગ

**શુટીંગ-શર્ટીંગ** | **હોઝીયરી** | **ગાદલા-ઓશીકા-રજાઈ**

રેડીમેડ વસ્ત્રો,સ્વેટર,શાલ,ધાબળા,ગાલીચા,રેઈનકોટ,છત્રી,ચાદર,ચોરસા,ટુવાલ,અન્ડરવેર,મોજા,ધોતી,માદરપાટ

**મજબુત અને ટકાઉ સિલપોલિન, ઉમિયા અને સુપ્રીમ કંપનીની**




**તાડપત્રી તથા ગ્રીન નેટ**

**બારે માસ મળશે.**

**સૌથી મજબુત ISI માર્કાવાળી**

**વજનમાં હળવી**


**૧૦૦% વોટરપ્રુફ**

**સાબર સંઘના કાપડ વિભાગમાં ઉપલબ્ધ**







# ઈલેકટ્રીક વિભાગ : હિંમતનગર, ઈડર, ભિલોડા










**ટેબલફેન, સીલીંગફેન, પેડેસ્ટલ, તથા એકઝોસ્ટ ફેન, ગીઝર, ઈલેકટ્રીક મોટર, સબમર્સીબલ પંપ ટ્યુબલાઈટ, બલ્બ, ટોર્ચ, સોલર ટોર્ચ, CFL, ઈલેકટ્રીક ફીટીંગ સામાન, સ્વીચ, વાયર, વલોણાયંત્ર, ઈસ્ત્રી**

# સુપર માર્કેટ







# દવા-બિયારણ વિભાગ






# હોલસેલ દવા - બિયારણ - ખાતર વિભાગ







ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., મોડાસા શાખા



ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લી., ઈડર શાખા - ઈલેક્ટ્રીક વિભાગ



:: ફક્ત સભાસદો માટે જ ::

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.,

## હિંમતનગર

## ૭૬ મી વાર્ષિક સાધારણ સભા

## ચેરમેનશ્રીનું નિવેદન...



વ્હાલા સહકારી સભાસદ બંધુઓ,

આપણા સંઘની ૭૬ મી વાર્ષિક સાધારણ સભામાં આજ રોજ ઉપસ્થિત "અ" વર્ગના સહકારી મંડળી સભાસદો તથા વ્યક્તિ સભાદોના પ્રતિનિધિશ્રીઓનું હું હાર્દિક સ્વાગત કરું છું.

મને જણાવતાં આનંદ થાય છે કે અહેવાલના વર્ષ દરમ્યાન ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે અભિગમ અન્વયે કેન્દ્ર સરકારશ્રી દ્વારા ટેકાના ભાવે ચણા, રાયડો તથા મગફળીની ખરીદીની કામગીરી ગુજકોમાસોલ મારફતે આપણા સંઘ દ્વારા ખેડૂતોને મદદરૂપ થવાના હેતુસર કરેલ છે જેમાં ચણા, રાયડા તથા મગફળીની કુલ **રૂા. ૨૭,૮૬,૯૨,૩૪૫-૨૦** કરોડની ખરીદીનું કામકાજ કરવામાં આવ્યું હતું. આમ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મેળવવામાં સંઘ મદદરૂપ થયેલ છે. ખેતીમાં નવીન ટેકનોલોજી અપનાવી ખેત ઉત્પાદન ખર્ચ ઘટાડવા તેમજ માનવબળની અછત નિવારવાના ભાગરૂપે કૃષિ પાકોમાં દવા છંટકાવ ક્ષેત્રે ડ્રોન ટેકનોલોજીનો અભિગમ પ્રત્યે ખેડૂતોમાં રસ જાગે તે માટે આપણી સંસ્થા દ્વારા અહેવાલના વર્ષ દરમ્યાન દવા છંટકાવ માટે ડ્રોન ટેકનોલોજી અપનાવી આશરે **૧૦૪૨** એકર જેટલા વિવિધ પાકોમાં દવા છંટકાવ કરી ખેડૂતોને ડ્રોન સેવા ઉપલબ્ધ કરાવવા પહેલ કરી છે. જેનો લાભ લાંબાગાળે આપણા સૌ ખેડૂત મિત્રોને થશે તેવી મને શ્રધ્ધા છે.

આ સંસ્થાનો સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષનો ૭૬મો વાર્ષિક અહેવાલ અને હિસાબો સંઘના સંચાલક મંડળ વતી આપ સૌની સમક્ષ રજુ કરું છું. જે આપ સૌને અગાઉથી મોકલી આપવામાં આવેલ છે.

### ૧. સભાસદ સંખ્યા અને શેર ભંડોળ :-

| સભાસદ | સભાસદ સંખ્યા | | શેર ભંડોળ (રૂપિયામાં) | |
|---|---|---|---|---|
| | ૩૧-૩-૨૦૨૪ | ૩૧-૩-૨૦૨૩ | ૩૧-૩-૨૦૨૪ | ૩૧-૩-૨૦૨૩ |
| "અ" વર્ગઃ- સહકારી મંડળીઓ | ૫૦૩ | ૪૯૫ | ૩૨,૨૦,૭૦૦-૦૦ | ૩૧,૮૦,૭૦૦-૦૦ |
| વ્યકિતઓ | ૨૨૧૬૨ | ૨૨૧૮૦ | ૫૩,૦૩,૩૩૦-૦૦ | ૫૩,૦૫,૯૩૦-૦૦ |
| કુલઃ- | ૨૨૬૬૫ | ૨૨૬૭૫ | ૮૫,૨૪,૦૩૦-૦૦ | ૮૪,૮૬,૬૩૦-૦૦ |

**૨. રીઝર્વ અને અન્ય ફંડો :-** તા. ૩૧-૦૩-૨૦૨૪ રૂા.૧૪,૫૦,૩૨,૪૪૨-૮૪ ; તા.૩૧-૩-૨૦૨૩ રૂા.૧૪,૨૯,૯૫,૫૦૪-૩૦

**૩. બાંધી મુદત તથા ચાલુ થાપણો :-** તા.૩૧-૦૩-૨૦૨૪ રૂા.૧,૮૮,૨૫,૦૮૫-૦૦ ; તા. ૩૧-૩-૨૦૨૩ રૂા.૧,૬૧,૬૯,૩૭૬-૦૦

સંસ્થાની હેડઓફિસ તથા શાખાઓ સહિત કુલ વેચાણ **રૂા.૧,૧૭,૫૨,૫૮,૮૭૯-૦૫** વેપારી નફો **રૂા. ૨,૬૮,૮૨,૦૨૯-૦૧** અને ચોખ્ખો નફો **રૂા.૧૬,૫૬,૦૦૦-૦૦** નો થયેલ છે. ચાલુ વર્ષે સંઘની વ્યવસ્થાપક કમીટીએ સંઘના પેટા નિયમ અનુસાર ચોખ્ખા નફાની ફાળવણી કરેલ છે તથા સભાસદોને **૧૦%** મુજબ ડિવિડન્ડ આપવા માટે ભલામણ કરેલ છે જે આપ તેને મંજુર કરશો તેવી આશા રાખું છું.

**હેડઓફિસ હિંમતનગર :-**

**★ ઈલેક્ટ્રીક વિભાગ :-**

આ સંઘના ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા ક્રોમ્પટન, બજાજ જેવી પ્રખ્યાત કંપનીઓના સીલીંગ તથા ટેબલ ફેન, ટ્યુબ લાઇટ, લેમ્પ, એરકૂલર, લાઈટીંગનો સામાન, સિંચાઈ તથા પાણી ચઢાવવા તથા ફ્લોર ફેક્ટરી માટેની મોટરો તથા મીક્ષર, ઈસ્ત્રી, પંચાયત ફીક્ચર્સ, ઈલેક્ટ્રીક તથા ગેસ ગીઝર, અવધૂત વલોણા યંત્ર, અનાજ ઉપણવાના પંખા, એન્કર તથા વલ્કન કંપનીની લાઈટફીટીંગને લગતી તમામ એસેસરીઝ તથા હેવેલ્સ, ફીનોલેક્સ તથા આર.આર. કમ્પનીના કેબલ, સાયરન, ફ્યુઝ ચેઈન્જ ઓવર સ્વીચ, હેન્ડ બ્લેડર, એલ.ઈ.ડી. સોલર ટોર્ચ, પાવર સેવર રીચાર્જેબલ ઈન્વેટર લેમ્પ, ઈલેક્ટ્રીક સગડી, વિગેરેનું વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૪૮,૮૭,૯૭૬-૩૮** નું વેચાણ થયેલ છે.

**★ કાપડ વિભાગ :**

હેડ ઓફિસના મુખ્ય શો-રૂમમાં ચાલતા કાપડ વિભાગમાં રેમન્ડ, વિમલ તથા સિયારામ જેવી ખ્યાતનામ મીલોના દરેક જાતનાં શુટીંગ, શર્ટીંગ, રેડીમેઈડ પેન્ટ-શર્ટ, ધોતી, પ્રીન્ટેડ છીંટ, માદર પાટ, વોશેબલ ગાદલાં, રજાઇ, ઓશીકા, ગાદી, તકીયા, ચાદરો, ગાલીચા, શેતરંજી, સોલાપુર ચોરસા, જયપુરી રજાઇ,પગલૂછણીયા, હોજીયરી, સોફાદડી, પડદાનું કાપડ, ટેપેસ્ટી, આસન, મોદપાટ (જાજમ), ગરમ શાલ, ધાબળા,સ્વેટર, મફલર-ટોપી, મોજા, તાડપત્રી, છત્રીઓ, રેઈનકોટ, મચ્છરદાની તથા સેન્ચ્યુરી કંપનીના મેટ્રેસ / ગાદલાં વિગેરેનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. આપની જરૂરીયાત માટે આપના કાપડ વિભાગની મુલાકાત લેવા હું અનુરોધ કરું છું.

આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા**. ૯૬,૨૭,૬૯૨-૨૧** નું વેચાણ થયેલ છે.

**★ સુપર માર્કેટ :**

વિકસતા વેપાર ધંધાને તથા ગ્રાહકોની વધતી જતી માંગ અને સગવડતા માટે ગ્રાહક પોતાની રૂચિ મુજબ જરૂરી ચીજવસ્તુઓ ખરીદી શકે તે માટે આ વિભાગમાં પ્રોવિઝન આઈટમ તથા કરીયાણાની ચીજ વસ્તુઓ જેવી કે, દાળો, ખાદ્યતેલ, ખાંડ, ગોળ, મમરા, પાપડ, ખાખરા, બેસન, મેંદો તેમજ સુકોમેવો ખજુર, ગરમ મસાલા, ચા, ટુથપેસ્ટ, બ્રશ ન્હાવા-ધોવાના સાબુ, પાવડર, ટેલ્કમ, પાવડર, બિસ્કીટ, ચોકલેટ, હેરઓઈલ, અગરબત્તી, જીપ-એવરેડી સોલાર હાથબત્તી તથા પાવર વગેરેનું વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગની સાથે દિવાળી સિઝનમાં સારી જાતની મીઠાઇ, ફરસાણનું વેચાણ કરવામાં આવે છે. તેમજ આ વિભાગમાં સેલો તેમજ ખ્યાતનામ કંપનીઓના ગૃહ ઉપયોગ પ્લાસ્ટીક ગુડઝ જેવી કે, ડોલ, ડસ્ટબીન, ટબ, ખુરશી ટેબલ વગેરે આઈટમોનું વેચાણ કરવામાં આવે છે.

તદ્ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની વિવિધ સ્વરોજગારી માટેના સાધનોના કીટ્સના નોડલ તરીકે વિતરણની કામગીરી કરવામાં આવે છે તેમજ શાળાઓ માટે મધ્યાહન ભોજનોના વાસનોની કિટ્સ તથા સેનેટરી સાધનોનું વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૫૬,૦૩,૨૩૮-૪૮** નું વેચાણ થયેલ છે.

**★ બિયારણ- પાકરક્ષક દવા વિભાગ :**

આ વિભાગમાં ખેડૂતો ને સારી ગુણવત્તાનાં વ્યાજબી ભાવે હાઈબ્રીડ બિયારણો જેવા કે ગુજરાત બીજ નિગમ, ગુજકોમાસોલ, કૃભકો જેવી કંપનીઓના સર્ટીફાઈડ તમામ પ્રકારના હાઈબ્રીડ બીયારણો જેવા કે કપાસ, દિવેલા, ઘઉ, મકાઇ, મગફળી(સીંગદાણા), બાજરી, ડાંગર, જીરૂ, વરીયાળી, તુવર, મગ, અડદ, ઘાસચારા માટે રજકો, ચીકોળી, સરકાર માન્ય બી.ટી. કપાસના બિયારણો તથા પ્રખ્યાત રીસર્ચ બીયારણો તેમજ સારી ગુણવત્તા ધરાવતી તમામ પ્રકારની પાક રક્ષક દવાઓ તથા ઈફકો કંપની ની સારી ગુણવત્તા ધરાવતી તમામ પ્રકારની પાકરક્ષક દવાઓનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓ આર.કેવી. વાય. તથા આત્મા પ્રોજેક્ટ હેઠળ સબસીડી પાત્ર તમામ સર્ટીફાઈડ બીયારણો અને પાકરક્ષક દવાઓનું વિતરણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૭૦,૫૭,૮૭૯-૬૫** નું વેચાણ થયેલ છે.

## ★ રીટેઈલ ખાતર વિભાગ :

આ વિભાગમાં તમામ પ્રકારના રસા. ખાતરો, વોટર સોલ્યુબલ ખાતરો તથા ઈફકોની પાકરક્ષક દવાઓ,સેન્દ્રિય ખાતરો દિવેલી ખોળ તેમજ તમામ પ્રકારના હાઈબ્રીડ બિયારણોનું ખેડૂતોને સમયસર વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. જિલ્લાના વિવિધ શાખાઓના સ્ટાફ મિત્રો માટે ઓરીએન્ટશન પ્રોગ્રામનું આયોજન કરેલ જેના પરિણામે દવાના વેચાણમાં વૃધ્ધિ થવા પામેલ છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૨,૧૪,૫૪,૨૦૧-૪૨** નું વેચાણ થયેલ છે.

## ★ કિસાન મોલ :-

આ વિભાગમાં ખેડૂતમિત્રોની જરૂરીયાતને ધ્યાનમાં રાખી એક જ છત્ર નીચે એટલે કે એક જ જગ્યાએ રસા. ખાતરો, દવાઓ, બિયારણો, તાડપત્રી, તગારાં, દંતાળી, પાવડા, ખાંડી, કુહાડી, ધારીયાં, અનાજ ભરવાના પીપ, ગાર્ડન પાઈપ, એલ્બા, ટી, વાંકીયા, પ્લાસ્ટીક તગારા, ખુરશીઓ, ટબ તથા ડ્રીપ ઈરીગેશન માટેના સોલ્યુબલ ખાતરો વગેરે વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે.

આપણા સંઘની પોતાની 'સાબરસંઘ' બ્રાન્ડની ઉત્તમ ક્વૉલીટીની ચા વ્યાજબી ભાવે મળી રહે તે માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આપણી શાખાઓ મારફતે દૂધ મંડળીઓ તેમજ વેપારીઓ મારફતે વેચાણ કરવામાં આવે છે. આપણી 'સાબરસંઘ' બ્રાન્ડ ચા હવે આમ જનતામાં પ્રિય બનતી જાય છે. હું સૌ સહકારી આગેવાનોને આપણી સાબરસંઘ ચા વાપરીને ખાત્રી કરી પ્રયાસ-પ્રચાર કરવા વિનંતી કરું છું. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧,૯૩,૦૭,૧૪૩-૧૫** નું વેચાણ થયેલ છે.

## ★ કેરોસીન વિભાગ :

આ વિભાગમાં સરકારશ્રીની ફાળવણી મુજબનું કેરોસીન માન્ય રીટેઈલર વિક્રેતાઓને સહકારી જીન પાસે આવેલ સંઘના કેરોસીન પંપ ઉપરથી તેમજ સંઘની ટેન્કર મારફતે જિલ્લામાં માન્ય વેપારીઓને વિતરણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૩,૫૨,૦૪૬-૫૬** નું વેચાણ થયેલ છે.

## ★ પાઠ્ય-પુસ્તક વિભાગ :

આ વિભાગ મારફતે ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા સાબરકાંઠા જિલ્લાના હોલસેલ વિતરક તરીકેની કામગીરી ઘણા વર્ષોથી કરવામાં આવે છે. જેમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના પાઠ્ય-પુસ્તકો, તથા પ્રયોગપોથીઓ અને સ્વાધ્યાય પોથીઓ વિગેરેનું જિલ્લામાં માન્ય વિક્રેતાઓને તથા શાળાઓને તેમની માગણી મુજબ પુરાં પાડવામાં આવે છે. શાળાઓ બંધ રહેવાના કારણે તથા કેટલાક ધોરણમાં પાઠ્યપુસ્તક બદલાઈ જવાના કારણે અહેવાલના વર્ષ દરમિયાન કામગીરીમાં વિપરીત અસર થયેલ છે. તેમ છતાં આ વિભાગનું અહેવાલના વર્ષમાં રૂા. **૧૪,૬૨,૭૦૧-૨૬** નું વેચાણ થયેલ છે.

## ★ ફૂટવેર વિભાગ :

હિંમતનગર શહેરની મધ્યમાં સંઘની હેડ ઓફિસે એક અદ્યતન ફૂટવેર શો-રૂમ ચલાવવામાં આવે છે. જેમાં કોલોમ્બસ, નાઈકશુઝ, પેરાગોન, લી-કુપર, વુડલેન્ડ, રેડચીફ વગેરે જાતના બ્રાન્ડેડ કંપનીના લેધર શુઝ, મોજડી, સેન્ડલ, સ્લીપર તથા પેટ્રોલ પંપો તથા ફેક્ટરીના કર્મચારીઓ માટે સ્પેશીયલ કેટેગરીના બુટ વગેરે જુદી જુદી અવનવી મનમોહક ડીઝાઈનમાં બજારની સરખામણીએ વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવે છે. આ વિભાગનું અહેવાલના વર્ષમાં માહે સપ્ટેમ્બર સુધીનું રૂા. **૬,૯૮,૧૧૬-૯૮** નું વેચાણ થયેલ છે.

## ★ હેવલ્સ વિભાગ :

હિંમતનગર શહેરની મધ્યમાં સંઘની હેડ ઓફિસે હેવલ્સ કંપનીનો શો રૂમ શરૂ કરવામાં આવેલ છે. જેમાં હેવલ્સ બ્રાન્ડના પંખા ટ્યુબ લાઈટ, રૂમ હિટર, ઈલેક્ટ્રીક, ગીઝર, આર.ઓ.પ્લાન્ટ, વૉટર પંપ, એલ.ઈ.ડી. લેમ્પ, પેનલ લાઈટ, ઈસ્ત્રી,મિક્ષર, ચાર્જેબલ ટોર્ચ, હેન્ડ બ્લેન્ડર, એમ.સી.બી., સ્વીચો, સોકેટ તથા હેવલ્સ એસેસરીઝની તમામ આઈટમોનું વેચાણ કરવામાં આવે છે.

આ વિભાગનું અહેવાલના વર્ષમાં **રૂા.૧૫,૨૪,૦૦૨-૧૬** નું વેચાણ થયેલ છે.

## ★ સીધી ખરીદી ચણા - રાયડો - મગફળી :

આપણા સંઘમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ ટેકાના ભાવે ચણા, રાયડો તથા મગફળી ખરીદી માટે નાફેડ દ્વારા ગુજકોમાસોલની સ્ટેટ લેવલ એજન્ટ તરીકે નિમણૂંક થયેલ. જે અંતર્ગત આપણા સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાની સદર ખરીદી માટેની નિમણુંક થયેલ. અહેવાલના વર્ષ દરમ્યાન આપણા સંઘે વિવિધ ખરીદ સેન્ટરો ઉપરથી ચણા, રાયડો તથા મગફળીની ખરીદી કરીને ગુજકોમાસોલને રૂા.**૨૭,૮૬,૯૨,૩૪૫.૨૦** નું ટેકાના ભાવની યોજના હેઠળ વેચાણ કરેલ છે.

## :: શાખાઓની વેપારી પ્રવૃત્તિઓ ::

**★ મહાવીરનગર શાખા :**

હિંમતનગર શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલી આ શાખામાં ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ / પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા.**૩૨,૨૭,૬૨,૮૦૭-૮૬** નું વેચાણ થયેલ છે.

**★ ગાંભોઈ શાખા :**

આ શાખામાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ,પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. તેમજ આ વિસ્તારના ખેડૂતોને રસા.ખાતર, સેન્દ્રીય ખાતર, તાડપત્રી,પાકરક્ષક દવાઓ, હાઈબ્રીડ બિયારણો, ખેત ઓજાર, ઈલેક્ટ્રીક પંખા, ટ્યુબલાઈટ, લેમ્પ તેમજ ખેડૂતો માટેના સબસીડીની તમામ યોજનાઓની કામગીરી કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલ વર્ષમાં રૂા.**૮,૫૧,૬૫,૫૭૬-૧૯** નું વેચાણ થયેલ છે.

**★ ધનસુરા શાખા :**

આ શાખામાં પણ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. તેમજ આ વિસ્તારના ખેડૂતોને રસા.ખાતર, સેન્દ્રીય ખાતર, તાડપત્રી પાકરક્ષક દવાઓ, હાઈબ્રીડ બિયારણો, ખેત ઓજાર, ઈલેક્ટ્રીક પંખા, ટ્યુબલાઈટ, લેમ્પનું વેચાણ કરવામાં આવે છે. તેમજ સબસીડીની તમામ યોજનાઓ ની કામગીરી કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૧૧,૮૦,૭૫,૯૦૭-૦૯** નું વેચાણ થયેલ છે.

**★ ભિલોડા શાખા :**

આદિવાસી વિસ્તારમાં કામ કરતી આ શાખામાં પણ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે. તેમજ આ વિસ્તારના ખેડૂતોને રાસા.ખાતર, સેન્દ્રીય ખાતર, પાકરક્ષક દવાઓ, હાઈબ્રીડ બિયારણો, ખેત ઓજાર, ઈલેક્ટ્રીક પંખા, ટ્યુબલાઈટ, લેમ્પ, ચા નું વેચાણ કરવામાં આવે છે તથા ખેડૂતો માટેની સબસીડીની તમામ યોજનાઓની કામગીરી કરવામાં આવે છે.આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા **૧૧,૭૩,૦૩,૯૫૨-૬૬**નું વેચાણ થયેલ છે.

**★ માલપુર શાખા :**

આ શાખામાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ડીઝલ/પેટ્રોલ પંપ દ્વારા ગ્રાહકોને ડીઝલ, પેટ્રોલ, ઓઈલ વિગેરે પુરા માપ અને સારી ગુણવત્તાથી પુરું પાડવામાં આવે છે આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૭,૫૩,૮૨,૭૬૧-૨૨** નું વેચાણ થયેલ છે.

**★ મેઘરજ શાખા :**

આદિવાસી વિસ્તારના ખેડૂતોને સમયસર વ્યાજબી ભાવે રસા.ખાતરો, હાઈબ્રીડ બિયારણો અને પાકરક્ષક દવાઓ મળી રહે તે માટે આ શાખા આદિવાસી વિસ્તારમાં કામગીરી કરી રહેલ છે. અને સરકારશ્રીની સબસીડીની તમામ ખેતી વિષયક યોજનાઓનો લાભ આ વિસ્તારના આદિવાસી ખેડૂતોને પહોચાડવામાં આવે છે. આ શાખાનું વેચાણ અહેવાલના વર્ષમાં રૂા. **૧,૩૧,૬૩,૬૮૫-૮૩**નું વેચાણ થયેલ છે.

**★ સલાલ શાખા :**

આ વિસ્તારના ખેડૂતોને સમયસર વ્યાજબી ભાવે રસા.ખાતરો, તેમજ હાઈબ્રીડ બિયારણો અને પાકરક્ષક દવાઓ મળી રહે તે માટે આ વિસ્તારમાં કામગીરી કરી રહેલ છે. આ શાખા મારફતે ડાંગર પકવતાં ખેડુતોની માંગણીને ધ્યાને લઇ નવસારી યુનિવર્સિટીના માન્ય બિયારણ પુરા પાડવામાં આવે છે. સરકારશ્રીની સબસીડીની તમામ ખેતીવિષયક યોજનાઓનો લાભ આ વિસ્તારના ખેડૂતોને પહોંચાડવામાં આવે છે. આ શાખાનું વેચાણ અહેવાલના વર્ષમાં રૂા.**૯૨,૧૩,૩૯૭-૨૪** નું વેચાણ થયેલ છે.

**★ તલોદ શાખા :**

આ વિસ્તારના ખેડૂતોને સમયસર રસા.ખાતર, પાકરક્ષક દવાઓ, શુદ્ધ હાઈબ્રીડ બિયારણો મળી રહે તે માટે તેમજ સરકારશ્રીની યોજનાનો સફળતા પૂર્વક અમલીકરણ હેતુ તલોદ ખાતે માર્કેટયાર્ડમાં શાખા કાર્યરત છે.આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૨,૪૮,૨૪,૯૯૩-૬૬** નું વેચાણ થયેલ છે.

**★ વડાલી શાખાઃ**

આ વિસ્તારના ખેડૂતોને સમયસર રસા ખાતર, પાક રક્ષક દવાઓ, શુધ્ધ હાઈબ્રીડ બિયારણો, ખેત ઓજારોનું વેચાણ તેમજ સરકારશ્રીની સહાયની યોજનાઓની કામગીરી વડાલી માર્કેટ યાર્ડ સ્થિત આપણી શાખા મારફતે કરવામાં આવે છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૯૬,૫૦,૭૨૭-૧૪** નું વેચાણ થયેલ છે.

### ★ ઈડર શાખા :

મને જણાવતાં આનંદ થાય છે કે ખેડૂતોની અને આપણા ગ્રાહકોની સુવિધા માટે ઇડર ખાતે ઇલેક્ટ્રીક વિભાગ તેમજ ચા ડેપોનો શુભારંભ કરેલ છે. આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા. **૩૦,૩૯,૩૩૫-૪૬** નું વેચાણ થયેલ છે.

### ★ મોડાસા શાખા :

મને જણાવતાં આનંદ થાય છે કે ખેડૂતોની અને આપણા ગ્રાહકોની સુવિધા માટે મોડાસા ખાતે રાસાયણિક ખાતર, જંતુનાશક દવા તેમજ બિયારણની તેમજ ચા ડેપોની વેપારી પ્રવૃત્તિનો શુભારંભ કરેલ છે.આ શાખાનું અહેવાલના વર્ષમાં રૂા.**૮૪,૭૦,૭૨૨-૩૧** નું વેચાણ થયેલ છે.

### ડ્રોન ટેકનોલોજી દ્વારા દવા છંટકાવ અભિગમ :

આપ સૌને જણાવતાં મને આનંદ થાય છે કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે સરકારશ્રીએ કૃષિમાં સહાયકારી યોજનાઓ દ્વારા ડ્રોન ટેકનોલોજીના ઉપયોગ કરવા આહવાન કરેલ છે. આ સંકલ્પને સાકાર કરવા માટે આપણા સંઘ દ્વારા ખેડૂતોને સરળતાથી ડ્રોન છંટકાવની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર કપાસ, મગફળી, ચણા, વરીયાળી, બટાકા, સોયાબીન જેવા પાકોમાં અહેવાલ વર્ષ દરમ્યાન કુલ આશરે **૧૦૪૨** એકર જેટલા વિસ્તારમાં ડ્રોનથી ખેડૂતોની જરૂરીયાત મુજબની દવાઓનો છંટકાવ કરેલ છે. સંઘ દ્વારા પ્રતિ એકર રૂા.૬૦૦ના ભાવથી દવાનો છંટકાવની યોજના અમલમાં મુકેલ છે. માનવબળ, સીઝનલ પાકની ઘીચતા ઊંચાઇ જેવી મુશ્કેલીઓમાં હવે ડ્રોન ટેકનોલોજી ખેતી ખર્ચની બચત માટે ઉત્તમ રસ્તો છે. આ યોજનાનો લાભ લેવા આપ સૌ ખેડૂત મિત્રોને મારી વિનંતી છે. વધુમાં આપ સૌને જણાવવાનું કે આઇ પોર્ટલમાં નોંધણી કરાવનાર ખેડૂતોને રાજ્ય સરકારશ્રી દ્વારા ટેકનોલોજીથી નેનો યુરિયા તેમજ દવા છંટકાવને પ્રોત્સાહન આપી ખેડૂતોને મદદરૂપ થવા **૯૦% સુધીના સહાયના ધોરણે** મદદરૂપ થવાની યોજના અમલી હોઇ તેનો લાભ લેવા મારી વિનંતી છે.

### સંઘની ભાવિ પ્રવૃત્તિઓ : –

આપણા સંઘમાં હાલમાં ઇન્ડિયન ઓઇલ કંપનીની ડીલરશીપ દ્વારા, ગાંભોઇ, ભિલોડા, માલપુર, મહાવીરનગર,ધનસુરા, શાખાઓ ઉપર પેટ્રોલ પંપો ચાલે છે. આ ઉપરાંત સહકારીજીન પાસે હિંમતનગર ખાતે આઇ.ઓ.સી.એલ. કંપનીનો નવીન પેટ્રોલ પંપ મંજુર કરવામાં આવેલ છે જે અંગેની કાર્યવાહી ચાલુમાં છે તેમજ ગાંભોઇ શાખા ખાતે સી.એન.જી. ગેસ પંપની એજન્સી મેળવવા માટે આપણા સંઘને સૈદ્ધાંતિક મંજુરી મળેલ છે. જેમાં કંપની તરફથી મંજૂરી મળેથી સી.એન.જી. ગેસ પંપ ચાલું કરવાનું આયોજન છે. જેને આજની સભામાં આપ સૌને અનુમોદન આપવા વિનંતી છે તેમજ જિલ્લામાં અન્ય સ્થળોએ ડિઝલ-પેટ્રોલ પંપ તેમજ સી.એન.જી. ગેસ પંપની એજન્સી મેળવવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેનો લાભ સભાસદો તથા ગ્રાહક બંધુઓને મળશે.

આજની વાર્ષિક સાધારણ સભામાં સંઘના પેટ્રોલ / ડીઝલની ખરીદી કરનાર અગ્રેસર સન્માનનીય ગ્રાહકોએ સૌથી વધુ ખરીદી કરેલ છે તેવા એક થી ત્રણ નંબરના સન્માનીય ગ્રાહક જેમાં **પ્રથમ** નંબરના **શ્રી વિનયકુમાર બી.પટેલ,** હેલોદર **દ્વિતીય** નંબર **શ્રી રચના ઈન્ફાટ્રક્ચર** - અમદાવાદ, **તૃતિય** નંબરમાં **શ્રી સંજય ટ્રાન્સપોર્ટ,** હિંમતનગર, તેમને હું મારા ખાસ અભિનંદન પાઠવું છું. આપણી સાબર સંઘ ચાના વેપારમાં ખરીદીમાં એગ્રેસર મંડળીઓ કે જેઓએ સૌથી વધુ ખરીદી કરેલ છે તેવા એક થી ત્રણ નંબરના સન્માનીય ગ્રાહક જેમાં **પ્રથમ** નંબરના **ધી મઉટાંડા દૂધ ઉત્પા. સહકારી મંડળી લિ.** તા.ભિલોડા **દ્વિતીય** નંબર **ધી વદરાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.**, તા.પ્રાંતિજ **તૃતિય** નંબરમાં **ધી કુબાધરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.** તા.વડાલી તે તમામ મંડળીઓના ચેરમેનશ્રી તથા સેક્રેટરીશ્રીઓનું આજ રોજ સન્માન કરવાના છીએ તેઓને મારા ખાસ અભિનંદન પાઠવું છું.

જિલ્લાની સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સહકારી આગેવાનો તથા સહકારી મંડળીઓના ચેરમેનશ્રીઓ/વ્ય.કમિટી સભ્યશ્રીઓ અને સેક્રેટરીશ્રીઓને ખેત ઉપયોગી બિયારણ-દવાઓ અને ખેત ઉપયોગી જરૂરીયાતોની તેમજ સાબર સંઘની ચા તથા કરીયાણા જેવી ચીજવસ્તુઓ અને રોજબરોજની જીવન જરૂરી ચીજવસ્તુઓની સંઘ મારફતે ખરીદી કરી સહકારી સાંકળને મજબુત કરવા અનુરોધ કરું છું.

## આભાર દર્શન :

અહેવાલના વર્ષ દરમ્યાન વેપારી પ્રવૃત્તિના વ્યવસ્થિત સંચાલનમાં સંઘના સંચાલક મંડળના સૌ સભ્યશ્રીઓએ કીંમતી સમયનો ભોગ આપી જે અમૂલ્ય સાથ,સહકાર અને માર્ગદર્શન આપેલ છે. તે બદલ હું તેઓ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

અહેવાલના વર્ષમાં ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલિપભાઇ સંઘાણી સાહેબશ્રી તથા ચીફ એક્ઝીક્યુટીવશ્રી તથા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાયઝન અધિકારીશ્રીઓ તેમજ દરેક વિભાગીય અધિકારીશ્રીઓએ જે સાથ સહકાર આપેલ છે તે બદલ તેઓશ્રીઓનો આભાર માનું છું. તદ્ઉપરાંત સંઘના સફળ સંચાલનમાં મે. રાજ્ય રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, મે. જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, હિંમતનગર અને મે. સ્પે. ઓડિટરશ્રી, સહકારી મંડળીઓ, બંને જિલ્લાના કલેક્ટરશ્રી, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અને તમામ તાલુકાના મામલતદારશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા વર્ષ દરમિયાન આપેલ માર્ગદર્શન માટે આભારની લાગણી વ્યક્ત કરું છું.

સાબરકાંઠા અને અવરલ્લી જિલ્લાના ખેડૂતોની આસ્થાના પ્રતિક સમી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરના ચેરમેનશ્રી શ્રીમતી હંસાબેન એમ.પટેલ અને સંચાલક મંડળના સભ્યશ્રીઓ તથા ચીફ એક્ઝીક્યુટીવશ્રી તેમજ અધિકારીશ્રીઓ તથા ગુજકોમાસોલના ડિરેક્ટરશ્રી મહેશભાઇ એ. પટેલ તેમજ સાબરડેરીના ચેરમેનશ્રી શામળભાઇ બી. પટેલ અને સંચાલક મંડળના સભ્યશ્રીઓ તથા મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો વર્ષ દરમ્યાન મળેલ સહયોગ બદલ આભાર વ્યક્ત કરું છું.

ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ તથા ઇફકો, કૃભકો, જી.એન.એફ.સી., જી.એસ.એફ.સી. તથા અન્ય ખાતર ઉત્પાદક કંપનીઓના અધિકારીશ્રીઓ અને જિલ્લા પ્રતિનિધિશ્રીઓ તેમજ ગુજરાત રાજ્ય બિજ નિગમ લી., ગાંધીનગર તથા હિંમતનગર શાખાના અધિકારીશ્રીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી શ્રીમતી ભારતીબેન એમ.પટેલ તથા બંને જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓ અને બાગાયત શાખાના તેમજ ફોરેસ્ટ વિભાગના અધિકારીશ્રીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને નામદાર રાજ્ય સરકારશ્રીના અન્ય લાગતા વળગતા ખાતાના વડા અધિકારીશ્રીઓ તથા સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા,એક્સીસ બેંક તથા એચ.ડી.એફ.સી. બેંકના અધિકારીશ્રીઓ તથા જિલ્લાની અન્ય સહકારી સંસ્થાઓના ચેરમેનશ્રીઓ તથા સેક્રેટરીશ્રીઓ, સહકારી કાર્યકરો, સભાસદ બંધુઓ અને ગ્રાહકો તરફથી જે સાથ સહકાર મળ્યો છે તે બદલ તેઓ સૌ નો હું સંચાલક મંડળ વતી અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

વેપારી પ્રવૃત્તિઓમાં આપણી સંસ્થાએ બજારની તીવ્ર હરિફાઇ હોવા છતાં અવિરત વિકાસ આગેકૂચ ચાલુ રાખી છે. સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓની હકારાત્મક કાર્ય પધ્ધતિ તથા સંસ્થાના કર્મચારીઓની નિષ્ઠાપૂર્વકની કામગીરીને કારણે આપણા માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો અને શુભચિંતકોને સંતોષ આપી શક્યા છીએ તેનો મને આનંદ છે.

અહેવાલના વર્ષ દરમ્યાન સંઘના કામકાજના સફળ સંચાલનમાં સંઘના મેનેજર ડૉ. આર.એસ. પટેલ તેમજ સંઘના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સંસ્થા તેમની પોતાની છે તેવી સમજદારી તેમજ ઉત્સાહથી નિષ્ઠાપૂર્વક પૂરી પાડેલ સેવાઓની નોંધ લઉં છું. આ સંસ્થાએ તેના વિકાસમાં જે હરણફાળ ભરેલ છે અને તે આવતા દિવસોમાં ખૂબ ઉંચા શિખરો સર કરશે તેવી આશા રાખું છું. અંતમાં મારા સંચાલક મંડળના સાથી મિત્રો, સહકારી આગેવાનો તથા જેઓએ મારામાં વિશ્વાસ મુકીને મને સંઘનું સુકાન સોંપ્યુ છે તે સૌનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

સને ૨૦૨૩-૨૪ના પુરા થયેલ વર્ષનું વેપારી પત્રક, નફા નુકશાન પત્રક, સરવૈયું તથા નફાની વહેંચણી સંચાલક મંડળ તરફથી મંજુર કરવા આ સભાને ભલામણ કરી છે તેને આપ સૌ માન્ય રાખશો તેવી આશા સાથે આ અહેવાલ પૂર્ણ કરું છું.

તા.: ૦૩-૦૯-૨૦૨૪ **જય સહકાર.....** સંચાલક મંડળ વતી,

**જેઠાભાઈ પ્રભુદાસ પટેલ**
**ચેરમેનશ્રી**

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૧-૪-૨૦૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૪ સુધીનું વેપારી પત્રક (એકત્ર)

| વેચાણ | ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | ૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા |
|---|---|---|
| શ્રી માલનું વેચાણ | ૧,૧૭,૫૨,૫૮,૮૭૯.૦૫ | ૧,૭૬,૪૫,૭૦,૯૧૧.૯૪ |
| શ્રી માલ શાખા ટ્રાન્સફર વેચાણ | ૯,૧૮,૮૧,૪૦૮.૨૩ | ૧૦,૩૨,૬૫,૮૪૦.૧૯ |
| શ્રી માલ વિભાગ ટ્રાન્સફર વેચાણ | ૩,૯૫,૬૭,૧૮૮.૮૭ | ૩,૦૫,૮૭,૩૩૭.૬૩ |
| શ્રી બંધ માલ સ્ટોક | ૫,૫૮,૭૮,૫૪૩.૦૦ | ૫,૯૧,૫૫,૦૮૯.૦૦ |
| **કુલ** | **૧,૩૬,૨૫,૮૬,૦૧૯.૧૫** | **૧,૯૫,૭૫,૭૯,૧૭૮.૭૬** |
| **ખરીદી** | **૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા** | **૨૦૨૨-૨૦૨૩ રૂા. પૈસા** |
| શ્રી ઉઘડતો માલ સ્ટોક | ૫,૯૧,૫૫,૦૮૯.૦૦ | ૫,૪૪,૦૫,૪૭૨.૦૦ |
| શ્રી માલની ખરીદી | ૧,૧૪,૦૧,૬૭,૦૮૬.૫૪ | ૧,૭૩,૦૪,૨૧,૪૭૫.૩૭ |
| શ્રી માલ શાખા ટ્રાન્સફર ખરીદી | ૯,૧૮,૩૪,૮૫૬.૦૦ | ૧૦,૩૨,૭૯,૧૮૪.૪૮ |
| શ્રી માલ વિભાગ ટ્રાન્સફર ખરીદી | ૩,૯૦,૩૫,૯૪૫.૦૦ | ૨,૯૮,૮૯,૦૬૪.૯૫ |
| શ્રી માલ ખરાજાત ખર્ચ | ૫૫,૧૧,૦૧૩.૬૦ | ૫૯,૦૭,૨૬૮.૯૧ |
| શ્રી વેપારી નફો | ૨,૬૮,૮૨,૦૨૯.૦૧ | ૩,૩૬,૭૬,૭૧૩.૦૫ |
| **કુલ** | **૧,૩૬,૨૫,૮૬,૦૧૯.૧૫** | **૧,૯૫,૭૫,૭૯,૧૭૮.૭૬** |

**રાજેન્દ્રકુમાર એ. પટેલ**
માનદ્ મંત્રી

**હસમુખભાઈ ડી. પટેલ**
વાઈસ ચેરમેન

**જેઠાભાઈ પી. પટેલ**
ચેરમેન

**તુષારકુમાર એ. પટેલ**
એકાઉન્ટન્ટ

**સતીષકુમાર એન. પટેલ**
આસી. મેનેજર (એકા.)

**રમેશભાઈ એસ.પટેલ**
આસી. મેનેજર (જનતા)

**ડો.આર.એસ.પટેલ**
મેનેજર

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૧-૪-૨૦૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૪ સુધીનું નફા નુકશાન પત્રક (એકત્ર)

| આવક | ૨૦૨૩-૨૦૨૪<br>રૂા. પૈસા | ૨૦૨૨-૨૦૨૩<br>રૂા. પૈસા |
|---|---|---|
| શ્રી વેપારી નફો | ૨,૬૮,૮૨,૦૨૯.૦૧ | ૩,૩૬,૭૬,૭૧૩.૦૫ |
| શ્રી ડીવીડન્ડ આવક | ૧૮,૭૯,૭૫૩.૦૦ | ૧૮,૯૮,૮૪૮.૦૦ |
| શ્રી ગોડાઉન ભાડા આવક | ૪૩,૨૬,૮૧૬.૪૩ | ૩૮,૧૪,૮૨૬.૩૪ |
| શ્રી પરચુરણ/ ટેન્ડર ફી/ ટેલી. આવક | ૯૦૦.૦૦ | ૪૯,૦૩૫.૦૦ |
| શ્રી ટેન્કર ભાડા આવક | ૪૪,૦૯,૩૮૬.૩૦ | ૬૯,૩૭,૭૩૦.૯૫ |
| શ્રી સાબર પલ્સમીલ વપરાશ ચાર્જ આવક | ૩,૧૨,૦૦૦.૦૦ | ૩,૧૨,૦૦૦.૦૦ |
| શ્રી વટાવ કમીશન આવક | ૦.૦૦ | ૨,૫૧,૩૬૮.૦૦ |
| શ્રી પેટ્રોલ પંપ જમીન ભાડા આવક | ૧૧,૩૧,૨૫૩.૫૬ | ૭,૮૪,૫૬૯.૭૪ |
| શ્રી એગ્રીકલ્ચર કમીશન આવક | ૨૮,૨૭,૩૩૧.૪૬ | ૪૯,૮૨,૮૧૨.૬૮ |
| શ્રી સાબર કોમ્પ્લેક્ષ ગાંભોઈ દુકાન વેચાણ આવક | ૦.૦૦ | ૫૪,૦૭,૬૯૪.૦૦ |
| શ્રી તલોદ પ્લોટ વેચાણ આવક | ૦.૦૦ | ૨૮,૦૧,૦૦૦.૦૦ |
| **કુલ..** | **૪,૧૭,૬૯,૪૬૯.૭૬** | **૬,૦૯,૧૬,૫૯૭.૭૬** |

**રાજેન્દ્રકુમાર એ. પટેલ**
માનદ્ મંત્રી

**હસમુખભાઈ ડી. પટેલ**
વાઈસ ચેરમેન

**જેઠાભાઈ પી. પટેલ**
ચેરમેન

**તુષારકુમાર એ. પટેલ**
એકાઉન્ટન્ટ

**સતીષકુમાર એન. પટેલ**
આસી. મેનેજર (એકા.)

**રમેશભાઈ એસ.પટેલ**
આસી. મેનેજર (જનતા)

**ડો.આર.એસ.પટેલ**
મેનેજર

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૧-૪-૨૦૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૪ સુધીનું નફા નુકશાન પત્રક (એકત્ર)

| જાવક | ૨૦૨૩-૨૦૨૪ | ૨૦૨૨-૨૦૨૩ |
|---|---|---|
| | રૂા. પૈસા | રૂા. પૈસા |
| શ્રી સ્ટાફ પગાર ખર્ચ | ૨,૫૭,૬૧,૪૭૧.૦૦ | ૨,૭૬,૨૪,૬૨૦.૬૧ |
| શ્રી ટેલીફોન ખર્ચ | ૮૮,૨૧૫.૦૦ | ૬૩,૪૨૦.૦૦ |
| શ્રી સ્ટેશનરી/લવાજમ/ટપાલ ખર્ચ | ૪,૧૫,૮૫૬.૮૯ | ૩,૪૨,૯૯૧.૬૪ |
| શ્રી લાયસન્સ ફી/ટેન્ડર ફી/ તોલમાપ સ્ટેમ્પીંગ ફી | ૮૦,૪૮૮.૦૦ | ૭૫,૩૪૨.૦૦ |
| શ્રી વકીલ ફી/સુપરવીઝન ફી / ઓડીટ ફી | ૮,૭૮,૧૩૦.૦૦ | ૬,૬૩,૫૦૦.૦૦ |
| શ્રી સ્ટેમ્પ ફી | ૧૭,૯૯૦.૦૦ | ૧,૧૯,૫૧૦.૦૦ |
| શ્રી મકાન વેરો/ વ્યવસાયવેરો | ૨,૦૮,૫૦૮.૦૦ | ૨,૫૨,૮૫૫.૬૭ |
| શ્રી કોમ્પ્યુટર | ૩,૫૧,૧૯૦.૪૮ | ૪,૫૯,૩૩૫.૦૮ |
| શ્રી જનરેટર | ૨,૩૨,૩૨૩.૭૩ | ૨,૦૧,૧૯૯.૭૭ |
| શ્રી પરચુરણ ખર્ચ | ૫,૮૫,૯૬૫.૩૩ | ૭,૫૮,૯૯૦.૫૩ |
| શ્રી સરભરા ખર્ચ | ૫,૮૪,૮૯૩.૦૦ | ૪,૬૮,૭૯૧.૦૦ |
| શ્રી મીટીંગ ભાડા -ભથ્થા ખર્ચ | ૨,૬૭,૩૯૭.૦૦ | ૨,૨૭,૪૬૨.૦૦ |
| શ્રી મુસાફરી ખર્ચ | ૩,૨૫,૯૧૪.૦૦ | ૨,૨૫,૧૩૩.૦૦ |
| શ્રી વિમા પ્રીમીયમ ખર્ચ | ૨,૩૯,૬૬૨.૦૦ | ૩,૨૩,૧૨૯.૦૦ |
| શ્રી બેંક કમીશન/વટાવ દલાલી ખર્ચ | ૩,૨૮,૯૭૩.૧૩ | ૧,૬૩,૯૬૧.૬૪ |
| શ્રી ઈલેક્ટ્રીક ખર્ચ | ૯,૬૬,૩૨૧.૦૦ | ૯,૫૪,૩૯૨.૭૩ |
| શ્રી જાહેર ખબર ખર્ચ / સેમીનાર ખર્ચ | ૯૫,૮૯૪.૦૦ | ૩,૮૭,૧૪૭.૦૦ |
| શ્રી ગોડાઉન તથા અન્ય રીપેરીંગ ખર્ચ | ૪,૦૭,૬૪૧.૨૧ | ૩,૦૭,૬૯૬.૮૩ |
| શ્રી ગોડાઉન ભાડા ખર્ચ | ૧૨,૩૭,૦૯૦.૦૦ | ૧૧,૯૧,૦૮૮.૦૦ |
| શ્રી વ્યાજ જાવક | ૨૨,૪૯,૪૭૨.૯૪ | ૪૧,૬૫,૨૫૮.૪૭ |
| શ્રી વાર્ષિક સાધારણ સભા ખર્ચ | ૧,૩૬,૪૪૦.૦૦ | ૧,૨૮,૬૪૪.૪૪ |
| શ્રી સભાસદ ભેટ સોગાદ ખર્ચ | ૫૫,૩૩૯.૮૦ | ,૫૮,૨૫૨.૪૨ |
| શ્રી પ્રવાસી વાહન ખર્ચ | ૭,૪૨,૫૨૩.૮૭ | ૪,૪૪,૩૬૬.૦૩ |
| શ્રી ટેન્કર ખર્ચ | ૩૧,૮૪,૦૧૯.૯૪ | ૪૯,૦૭,૬૬૫.૪૮ |
| શ્રી શકમંદ લેણા ફંડ જોગવાઇ ખર્ચ | ૦.૦૦ | ૨૫,૦૦,૦૦૦.૦૦ |
| શ્રી ઘસારા ખર્ચ | ૬,૦૦,૮૩૩.૯૪ | ૩૩,૭૬,૮૧૭.૪૨ |
| શ્રી અમૃત મહોત્સવ જોગવાઇ ખર્ચ | ૦.૦૦ | ૨૦,૦૦,૦૦૦.૦૦ |
| શ્રી ચુંટણી ખર્ચ | ૭૦,૯૧૫.૫૦ | ૨,૬૭,૨૩૦.૦૦ |
| શ્રી બોનસ પગાર જોગવાઇ ખર્ચ | ૦.૦૦ | ૨૯,૫૭,૫૪૩.૦૦ |
| શ્રી જી એસ ટી / ઇન્કમટેક્ષ જોગવાઇ ખર્ચ | ૦.૦૦ | ૧૫,૪૯,૨૫૪.૦૦ |
| શ્રી ચોખ્ખો નફો | ૧૬,૫૬,૦૦૦.૦૦ | ૩૭,૫૧,૦૦૦.૦૦ |
| કુલ.. | ૪,૧૭,૬૯,૪૫૯.૭૬ | ૬,૦૯,૧૬,૫૯૭.૭૬ |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજનું સરવૈયુ (એકત્ર)

| મૂડી તથા દેવું | પેટા રકમ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૪ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| **શ્રી અધિકૃત શેર ભંડોળ :-** | | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| શેર ભંડોળ 'અ' વર્ગ | ૯૯,૯૦,૦૦૦-૦૦ | | |
| શેર ભંડોળ 'બ' વર્ગ | ૧૦,૦૦૦-૦૦ | | |
| **શ્રી ભરપાઈ થયેલ શેર ભંડોળ** | | ૮૫,૨૪,૦૩૦.૦૦ | ૮૪,૮૬,૬૩૦.૦૦ |
| વસુલ આવેલ શેર ભંડોળ | | | |
| (પરિશિષ્ટ-૧ મુજબ) | | | |
| **શ્રી રીઝર્વ તથા અન્ય ફંડ:-** | | ૧૪,૫૦,૩૨,૪૪૨.૮૪ | ૧૪,૨૯,૯૫,૫૦૪.૩૦ |
| અનામત ભંડોળ તથા અન્ય ફંડો | | | |
| (પરિશિષ્ટ-૨ મુજબ) | | | |
| **શ્રી થાપણો:-** | | ૧,૮૮,૨૫,૦૮૫.૦૦ | ૧,૬૧,૬૯,૩૭૬.૦૦ |
| સભાસદ બાંધી મુદ્દત થાપણો | ૧,૮૫,૪૯,૬૮૫.૦૦ | | |
| ચાલુ બચત થાપણો | ૧,૪૦,૯૦૦.૦૦ | | |
| સાબર બચત સર્ટી થાપણ | ૧,૩૪,૫૦૦.૦૦ | | |
| **શ્રી દેવુ :-** | | ૧૦,૬૯,૭૧૩.૩૪ | ૧,૧૪,૮૪,૦૩૬.૫૧ |
| પરચુરણ દેવું A/c વેપારી | ૪,૭૦,૩૯૯.૯૫ | | |
| પરચુરણ દેવુ A/c મંડળી | ૫,૯૯,૩૧૩.૩૯ | | |
| **શ્રી બીજી જવાબદારીઓ :-** | | ૧,૧૫,૬૫,૮૬૭.૫૨ | ૧,૫૪,૬૬,૭૦૫.૩૦ |
| અનામત રકમો | ૮૬,૫૨,૦૩૫.૪૦ | | |
| અન્ય જમા રકમો | ૨૯,૧૩,૮૩૨.૧૨ | | |
| (પરિશિષ્ટ -૩ મુજબ) | | | |
| **ધી સા.કાં. જિલ્લા મ. સહ બેંક લી.** | | ૧,૧૬,૯૨,૭૩૪.૫૩ | ૨૩,૩૮,૦૧૭.૩૫ |
| ખેતી સાનગીરો રોકડ શાખ | ૮૫,૧૧,૧૧૧.૫૩ | | |
| બીનખેતીસાનગીરો રોકડ શાખ | ૩૧,૮૧,૬૨૩.૦૦ | | |
| **શ્રી હેડ ઓફિસ ખાતે:-** | | ૬,૪૩,૩૮,૭૦૮.૨૪ | ૫,૭૧,૪૨,૬૩૬.૭૫ |
| **શ્રી વેટ તથા જી.એસ.ટી. :-** | | | |
| **શ્રી ચોખ્ખો નફો :-** | | ૧૬,૫૬,૦૦૦.૦૦ | ૩૭,૫૧,૦૦૦.૦૦ |
| **કુલ...** | | **૨૬,૨૭,૦૪,૫૮૧.૪૭** | **૨૫,૭૮,૩૩,૯૦૬.૨૧** |

શ્રી મણીભાઇ ઇશ્વરભાઇ પટેલ .............વ્ય.ક.સભ્ય
શ્રી ભીખાભાઇ કાંહ્યાભાઇ પટેલ ............ વ્ય.ક.સભ્ય
શ્રી જગદીશભાઇ શામજીભાઇ પટેલ ..........વ્ય.ક.સભ્ય
શ્રી જશુભાઇ જગુભાઇ પટેલ................વ્ય.ક.સભ્ય
શ્રી દિનેશભાઇ વરવાભાઇ પટેલ............વ્ય.ક.સભ્ય
શ્રી બાબુભાઇ ગોપાળભાઇ પટેલ...............વ્ય.ક.સભ્ય
શ્રી બાબુભાઇ મથુરભાઇ પટેલ............વ્ય.ક.સભ્ય
શ્રી ગોપાળભાઇ મોહનભાઇ પટેલ..........વ્ય.ક.સભ્ય
શ્રી બાબુભાઇ અમીચંદભાઇ પટેલ..........વ્ય.ક.સભ્ય
શ્રી સંજયકુમાર બાબુલાલ પટેલ.................... વ્ય.ક.સભ્ય
શ્રી હરીભાઇ દલજીભાઇ પટેલ ...................... વ્ય.ક.સભ્ય
શ્રી ભરતભાઇ જયંતિભાઇ પટેલ.....................વ્ય.ક.સભ્ય
શ્રી લલીતકુમાર મંગળદાસ પટેલ.................... વ્ય.ક.સભ્ય.
શ્રી હસમુખભાઇ ચીમનભાઇ પટેલ ....................વ્ય.ક.સભ્ય
શ્રી નરેન્દ્રભાઇ ત્રિભોવનદાસ ઉપાધ્યાય...........વ્ય.ક.સભ્ય

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજનું સરવૈયુ (એકત્ર)

| મિલ્કત તથા લેણું | પેટા રકમ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૪ રૂા. પૈસા | તા.૩૧-૩-૨૦૨૩ રૂા. પૈસા |
|---|---|---|---|
| **શ્રી જમીન** | | ૩૬,૦૯,૬૬૭.૫૬ | ૩૯,૬૫,૯૨૯.૫૬ |
| **શ્રી મકાન તથા ગોડાઉન** | | ૩,૬૫,૩૧,૧૦૨.૦૯ | ૩,૬૦,૯૦,૬૦૨.૦૯ |
| મકાન, ગોડાઉન, પેટ્રોલ પંપ, | | | |
| બાંધકામોમાં રોકાણ તથા પ્રોટેકશન વોલ | | | |
| **શ્રી ડેડસ્ટોક :** | | ૭૦,૭૭,૬૬૮.૬૬ | ૬૯,૪૮,૧૧૨.૮૫ |
| ડેડસ્ટોક/ફર્નિચર/લાયબ્રેરી | | | |
| ઈલેક્ટ્રીક/ટેલીફોન ફીટીંગ | | | |
| **શ્રી વાહનો :** | | ૮૩,૪૬,૮૯૭.૧૦ | ૯૨,૩૮,૧૪૫.૧૦ |
| વાહનોમાં રોકાણ | | | |
| **શ્રી પ્લાન્ટ અને મશીનરી** | | ૫૫,૭૯,૨૬૧.૨૭ | ૫૪,૧૪,૨૨૮.૫૯ |
| દાળમીલ પ્લાન્ટ-મશીનરી/કોમ્પ્યુટર/ | | | |
| જનરેટર સેટ/કેરોસીન પંપ/ બોરવેલ | | | |
| **શ્રી શેર સિક્યોરીટીમાં રોકાણ** | | ૯૮,૦૫,૫૦૦.૦૦ | ૯૫,૯૫,૫૦૦.૦૦ |
| શેરો તથા ડીબેન્ચર (પરિશિષ્ટ-૪ મુજબ) | | | |
| **શ્રી વેપાર માટે અન્ય ડીપોઝીટ** | | ૨૬,૫૮,૨૫૯.૦૦ | ૨૭,૫૩,૭૫૯.૦૦ |
| ધંધાકીય ડીપોઝીટ | | | |
| **શ્રી લેણું** | | ૫,૪૮,૭૧,૭૯૭.૫૪ | ૫,૭૭,૬૬,૨૪૦.૭૬ |
| માલના લેણા બાકી A/c વ્યક્તિ | ૨,૨૮,૯૯,૫૩૩.૮૮ | | |
| માલના લેણા બાકી A/c સરકારી | ૩,૧૧,૯૮,૧૧૪.૫૭ | | |
| ટીસીએસ લેવાના બાકી | ૭,૭૪,૧૪૯.૦૯ | | |
| **શ્રી હાથ ઉપર તથા બેંકમાં સિલક** | | ૧,૪૦,૦૬,૫૭૭.૦૧ | ૯૭,૬૩,૬૬૨.૫૧ |
| હાથ પર રોકડ સિલક | ૨૯,૭૧,૦૩૩.૭૭ | | |
| બેંકોમાં સિલક | ૧,૧૦,૩૫,૫૪૩.૨૪ | | |
| | | --- | --- |
| **શ્રી શાખાઓ ખાતે** | | ૬,૪૩,૩૮,૭૦૮.૨૪ | ૫,૭૧,૪૨,૬૩૬.૭૫ |
| **શ્રી બંધ સ્ટોક** | | ૫,૫૮,૭૮,૫૪૩.૦૦ | ૫,૯૧,૫૫,૦૮૯.૦૦ |
| **કુલ** | | **૨૬,૨૭,૦૪,૫૮૧.૪૭** | **૨૫,૭૮,૩૩,૯૦૬.૨૧** |

**રાજેન્દ્રકુમાર એ. પટેલ** — માનદ્ મંત્રી
**હસમુખભાઈ ડી. પટેલ** — વાઇસ ચેરમેન
**જેઠાભાઈ પી. પટેલ** — ચેરમેન

**તુષારકુમાર એ. પટેલ** — એકાઉન્ટન્ટ
**સતીષકુમાર એન. પટેલ** — આસી. મેનેજર (એકા.)
**રમેશભાઈ એસ.પટેલ** — આસી. મેનેજર (જનતા)
**ડો.આર.એસ.પટેલ** — મેનેજર

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૩૧-૩-૨૦૨૪ના રોજનાં પરિશિષ્ટ નં.૧ શેર ભંડોળની વિગત

| વિગત | તા. ૩૧-૩-૨૦૨૪ ની રકમ | તા. ૩૧-૩-૨૦૨૩ ની રકમ |
|---|---|---|
| સહકારી મંડળીઓએ ખરીદેલ "અ" વર્ગના શેર | ૩૨,૨૦,૭૦૦.૦૦ | ૩૧,૮૦,૭૦૦.૦૦ |
| વ્યક્તિઓએ ખરીદેલ "અ" વર્ગના શેર | ૫૩,૦૩,૩૩૦.૦૦ | ૫૩,૦૫,૯૩૦.૦૦ |
| કુલ... | ૮૫,૨૪,૦૩૦.૦૦ | ૮૪,૮૬,૬૩૦.૦૦ |

## પરિશિષ્ટ નં.૨ બીજા ભંડોળની વિગત

| વિગત | તા. ૩૧-૩-૨૪ ની રકમ | તા. ૩૧-૩-૨૩ની રકમ |
|---|---|---|
| રિઝર્વ ફંડ | ૩,૫૧,૦૧,૦૨૫.૯૦ | ૩,૩૫,૮૮,૪૩૬.૯૦ |
| બિલ્ડીંગ ફંડ | ૭૧,૯૪,૧૦૫.૫૦ | ૭૧,૯૪,૧૦૫.૫૦ |
| ભાવ વધઘટ ફંડ | ૧,૦૫,૪૭,૬૬૮.૦૦ | ૧,૦૨,૧૭,૫૬૮.૦૦ |
| ડીવીડંડ ઇક્વીલાઇઝેશન ફંડ | ૩૪,૪૬,૧૯૩.૨૫ | ૩૩,૧૭,૯૧૨.૭૫ |
| સભાસદ ગ્રાહક બોનસ ફંડ | ૯૩,૯૨,૮૮૩.૫૦ | ૯૦,૦૮,૦૪૨.૦૦ |
| મકાન અને ગોડાઉન ઘસારા ફંડ | ૧,૫૫,૫૨,૬૭૨.૮૫ | ૧,૫૨,૭૪,૫૦૭.૭૪ |
| સહકાર પ્રચાર ફંડ | ૩૩,૬૪,૫૧૪.૨૫ | ૩૨,૩૬,૨૩૩.૭૫ |
| ડેડસ્ટોક ઘસારા ફંડ | ૬૨,૪૨,૮૩૯.૯૨ | ૬૨,૦૧,૪૨૩.૦૯ |
| ઈલે. અને ટેલી. ફીટીંગ ઘસારા ફંડ | ૨,૧૯,૨૪૦.૨૦ | ૨,૧૯,૨૪૦.૨૦ |
| ઈન્વેટરી ડેડસ્ટોક ઘસારા ફંડ | ૧૯,૭૯૭.૦૦ | ૧૯,૭૮૮.૦૦ |
| સભાસદ બાળ શિષ્યવૃત્તિ ફંડ | ૯૫,૨૪,૬૪૭.૫૦ | ૯૧,૩૯,૮૦૬.૦૦ |
| ધર્માદા ફંડ | ૨૯,૬૩,૨૯૯.૨૫ | ૨૮,૩૫,૦૧૮.૭૫ |
| શકમંદ લેણા ફંડ | ૨,૦૪,૭૩,૯૭૩.૨૦ | ૨,૦૪,૭૩,૯૭૩.૨૦ |
| ઈન્વેસ્ટમેન્ટ રિઝર્વ ફંડ | ૩૭,૨૫,૩૦૬.૦૦ | ૩૭,૨૫,૩૦૬.૦૦ |
| ઉન્નતિ વિકાસ ફંડ | ૧૨,૪૭,૩૨૦.૦૦ | ૧૧,૮૬,૩૯૧.૦૦ |
| ઉત્કર્ષ અને નિભાવ ફંડ | ૩૩,૩૫,૦૬૪.૨૫ | ૩૨,૦૬,૭૮૩.૭૫ |
| વાહન રોકાણ ઘસારા ફંડ | ૫૬,૭૧,૪૫૧.૧૦ | ૭૧,૬૭,૭૪૯.૧૦ |
| સાબર પલ્સ મીલ પ્લાન્ટમશીનરી ઘસારા ફંડ | ૧૨,૮૦,૫૭૦.૦૦ | ૧,૨૮૦૫૭૦.૦૦ |
| ફર્નિચર ફીક્ચર્સ ઘસારા ફંડ | ૨,૧૫,૪૨૭.૦૯ | ૨,૧૫,૪૨૭.૦૯ |
| કોમ્પ્યુટર/ઝેરોક્ષ ઘસારા ફંડ/સી.સી.ટી.વી.કેમેરા ઘસારા ફંડ | ૪૯,૩૭,૭૧૩.૦૮ | ૪૯,૧૧,૪૯૦.૪૮ |
| બોરવેલ ઘસારા ફંડ | ૧,૭૩,૯૯૦.૦૦ | ૧,૭૩,૯૯૦.૦૦ |
| લાયબ્રેરી ઘસારા ફંડ | ૪,૯૩૨.૦૦ | ૪,૯૩૨.૦૦ |
| કેરોસીન પંપ ઘસારા ફંડ | ૧,૬૪,૫૯૮.૦૦ | ૧,૬૪,૫૯૮.૦૦ |
| અમુલ પાર્લર બાંધકામ ઘસારા ફંડ | ૧,૪૦,૮૪૧.૦૦ | ૧,૪૦,૮૪૧.૦૦ |
| ઓનેરેરીયમ ફંડ | ૧૨,૦૦૦.૦૦ | ૧૧,૦૦૦.૦૦ |
| પ્રોટેકશન વોલ બાંધકામ ઘસારા ફંડ | ૮૦,૩૭૦.૦૦ | ૮૦,૩૭૦.૦૦ |
| **કુલ...** | **૧૪,૫૦,૩૨,૪૪૨.૮૪** | **૧૪,૨૯,૯૫,૫૦૪.૩૦** |

## પરિશિષ્ટ નં.૩ બીજી જવાબદારીઓ

| વિગત | તા. ૩૧-૩-૨૪ ની રકમ | તા. ૩૧-૩-૨૩ ની રકમ |
|---|---|---|
| શ્રી સ્ટાફ વ્યવસાય વેરો | ૬૭,૩૦૦.૦૦ | ૫૫,૧૦૦.૦૦ |
| શ્રી વ્યાજ દેવા એકા. સભાસદ થાપણ | ૬,૨૦,૩૭૬.૦૦ | ૧૦,૯૬,૨૧૬.૦૦ |
| શ્રી વ્યાજ દેવા લેણા એકાઉન્ટ સાબર બચત થાપણ | ૨,૫૦,૦૪૭.૦૦ | ૨,૫૦,૦૪૭.૦૦ |
| શ્રી વ્યાજ દેવા એકા. ચાલુ બચત થાપણ | ૨૧,૭૭૪.૫૨ | ૩૪,૪૭૧.૫૨ |
| શ્રી ટી.ડી.એસ. | ૭૯,૩૨૪.૦૦ | ૯૧,૪૮૮.૦૦ |
| શ્રી ડીવીડન્ડ ચુકવવાના બાકી ખાતે | ૧૮,૨૯,૬૧૦.૬૦ | ૧૯,૯૩,૩૨૩.૬૦ |
| શ્રી સી.જી.એ.સ.ટી. | ૦.૦૦ | ૧૩,૫૮૭.૦૪ |
| શ્રી શેર એપ્લીકિશન | ૪૫,૪૦૦.૦૦ | ૫૦,૩૩૦.૦૦ |
| **કુલ...** | **૨૯,૧૩,૮૩૨.૧૨** | **૩૫,૮૪,૫૬૩.૧૬** |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## પરિશિષ્ટ નં.૪ શેર સિક્યોરીટીમાં રોકાણની વિગત

| વિગત | તા. ૩૧-૩-૨૪ ની રકમ | તા. ૩૧-૩-૨૩ની રકમ |
|---|---|---|
| ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહ બેંક લી., હિંમતનગર | ૪,૨૫,૦૦૦-૦૦ | ૪,૨૫,૦૦૦-૦૦ |
| ધી સા.કાં. જી. રૂ ઉ. ની કો.ઓ. સ્પી. મીલ લી., હિંમતનગર | ૪૦,૦૦૦-૦૦ | ૪૦,૦૦૦-૦૦ |
| ઇન્ડિયન ફાર્મસ ફર્ટીલાઇઝર કો-ઓ. લી., ન્યુ દિલ્હી | ૩૩,૯૧,૦૦૦-૦૦ | ૩૩,૯૧,૦૦૦-૦૦ |
| સાબરકાંઠા જીલ્લા ગ્રામોદ્યોગ સહ. મંડળી લી., | ૧,૦૦૦-૦૦ | ૧,૦૦૦-૦૦ |
| કૃષક ભારતી કો-ઓપ.લી., ન્યુ દિલ્હી | ૩૦,૬૫,૦૦૦-૦૦ | ૩૦,૬૫,૦૦૦-૦૦ |
| ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઇઝર્સ કંપની લી., ભરુચ | ૩,૩૪૦-૦૦ | ૩,૩૪૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ કો.ઓ. કંન્ઝ્યુમર્સ ફેડરેશન લી., ન્યુ દિલ્હી | ૩૦,૦૦૦-૦૦ | ૩૦,૦૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ કો.ઓપ. માર્કેટીંગ ફેડરેશન લી., અમદાવાદ | ૨૩,૮૪,૧૦૦-૦૦ | ૨૩,૮૪,૧૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ કો ઓ કંન્ઝ્યુમર્સ ફેડરેશન લી., અમદાવાદ | ૯૧,૫૦૦-૦૦ | ૯૧,૫૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર્સ કંપની લી., બાજવા | ૪,૧૭૦-૦૦ | ૪,૧૭૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ ગ્રેઇન ગ્રોઅર્સ ફેડરેશન લી., અમદાવાદ | ૧૦,૦૦૦-૦૦ | ૧૦,૦૦૦-૦૦ |
| ગુજરાત સ્ટેટ કો-ઓપ. હાઉસીંગ ફાઇ સોસા. લી. અમદાવાદ | ૨,૦૦૦-૦૦ | ૨,૦૦૦-૦૦ |
| સાબરકાંઠા જિલ્લા સહકારી કોટન યુનિયન લી | ૩૩,૦૦૦-૦૦ | ૩૩,૦૦૦-૦૦ |
| શ્રી સાબરકાંઠા જિલ્લા ઔદ્યોગિક સહ. મંડળી લી., હિંમતનગર | ૧,૦૦૦-૦૦ | ૧,૦૦૦-૦૦ |
| નેશનલ એગ્રી કો-ઓ માર્કેટીંગ ફેડરેશન લી., ન્યુ દિલ્હી | ૧,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| ઇન્ડિયન એક્સપ્લોઝીવ લી., કલકત્તા | ૧,૭૫૦-૦૦ | ૧,૭૫૦-૦૦ |
| હિંમતનગર કો-ઓપ. એગ્રી પ્રો.પ્રો.સે.સો.લી., હિંમતનગર | ૫,૦૦૦-૦૦ | ૫,૦૦૦-૦૦ |
| જી એસએફસી ડીબેન્ચર રોકાણ, વડોદરા | ૨,૬૪૦-૦૦ | ૨,૬૪૦-૦૦ |
| ધી સા.કાં. જિલ્લા સહ. દિવેલા તેલીબીયાં ઉ.સંઘ લી., મોહનપુરા | ૫,૦૦૦-૦૦ | ૫,૦૦૦-૦૦ |
| ભારતીય બીજ સહકારી સમિતિ લી., (બીબીસીએલ) ન્યુ દિલ્હી | ૧૦,૦૦૦-૦૦ | 0.00 |
| નેશનલ કો.ઓ.એક્ષપોર્ટ લી., (એનસીઇએલ) ન્યુ દિલ્હી | ૧,૦૦,૦૦૦-૦૦ | 0.00 |
| નેશનલ કો.ઓ.ઓર્ગોનીક લી., (એનસીઓએલ) આણંદ | ૧,૦૦,૦૦૦-૦૦ | 0.00 |
| **કુલ...** | **૯૮,૦૫,૫૦૦-૦૦** | **૯૫,૯૫,૫૦૦-૦૦** |

સ્થળ : હિંમતનગર

તારીખ : ૨૯-૦૬-૨૦૨૪

**રાજેન્દ્રકુમાર એ. પટેલ**
માનદ્ મંત્રી

**હસમુખભાઈ ડી. પટેલ**
વાઇસ ચેરમેન

**જેઠાભાઈ પી. પટેલ**
ચેરમેન

**તુષારકુમાર એ. પટેલ**
એકાઉન્ટન્ટ

**સતીષકુમાર એન. પટેલ**
આસી. મેનેજર (એકા.)

**રમેશભાઈ એસ.પટેલ**
આસી. મેનેજર (જનતા)

**ડો.આર.એસ.પટેલ**
મેનેજર

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજના રૂા. ૧૬,૫૬,૦૦૦-૦૦ ના ચોખ્ખા નફાની વહેંચણી પેટા નિયમ - ૪૨ મુજબ નીચે મુજબ કરવામાં આવે છે.

| વિગત | રકમ રૂા. પૈસા | કુલ રકમ રૂા. પૈસા |
|---|---|---|
| ૪૨(૧) મુજબ રીઝર્વ ફંડ ૨૫% | ૪,૧૪,૦૦૦.૦૦ | |
| ૪૨(૧) (અ) મુજબ ભાવ વધઘટ ફંડ ૧૦% | ૧,૬૫,૬૦૦.૦૦ | |
| ૪૨(૧) (બ) મુજબ ઓનેરેરીયમ | ૧,૦૦૦.૦૦ | |
| ૪૨(૨) મુજબ વિકાસ ફંડ | ૨૬,૮૮૫.૦૦ | |
| ૪૨(૨) (અ) મુજબ ડીવીડન્ડ ૧૦% | ૮,૫૨,૪૦૩.૦૦ | |
| ૪૨(૪) (સી) મુજબ શિક્ષણ ફંડ ૨ % | ૩૩,૧૨૦.૦૦ | |
| **સરવાળો** | **૧૪,૯૩,૦૦૮.૦૦** | **૧૪,૯૩,૦૦૮.૦૦** |
| ઉપરોક્ત નફામાંથી રૂા.૧૪,૯૩,૦૦૮= ૦૦ પૈસા બાદ જતા રૂા.૧,૬૨,૯૯૨=૦૦ બાકી રહેતા નફાની વહેંચણી નીચે મુજબ કરવામાં આવે છે. | | |
| ૪૨ (૬) મુજબ સભાસદ ગ્રાહક બોનસ ફંડ ૩૦% | ૪૮,૮૯૭.૬૦ | |
| ૪૨ (૭) મુજબ સભાસદ બાળ શિષ્યવૃત્તિ ફંડ ૩૦ % | ૪૮,૮૯૭.૬૦ | |
| ૪૨ (૮) મુજબ ડીવીડન્ડ ઇક્વીલાઇઝેશન ફંડ ૧૦ % | ૧૬,૨૯૯.૨૦ | |
| ૪૨ (૯) ધર્માદા ફંડ ૧૦ % | ૧૬,૨૯૯.૨૦ | |
| ૪૨ (૯) (અ) મુજબ ઉત્કર્ષ અને નિભાવ ફંડ ૧૦ % | ૧૬,૨૯૯.૨૦ | |
| ૪૨ (૧૦) મુજબ સહકાર પ્રચાર ફંડ ૧૦ % | ૧૬,૨૯૯.૨૦ | |
| **સરવાળો** | | ૧,૬૨,૯૯૨.૦૦ |
| **કુલ રૂા.:** | | **૧૬,૫૬,૦૦૦.૦૦** |

## અંદાજપત્ર : વર્ષ : ૨૦૨૪-૨૫ નું

### ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

### વેપાર પત્રક

| વેચાણ | રકમ | ખરીદી | રકમ |
|---|---|---|---|
| વેચાણ | ૧,૩૦,૦૦,૦૦,૦૦૦.૦૦ | ઉઘડતો માલ સ્ટોક | ૫,૫૮,૭૮,૫૦૦.૦૦ |
| બંધ માલ સ્ટોક | ૫,૫૦,૫૫,૦૦૦.૦૦ | ખરીદી + માલ ખરાજાત | ૧,૨૬,૬૦,૦૦,૦૦૦.૦૦ |
| | | વેપારી નફો | ૩,૩૧,૭૬,૫૦૦.૦૦ |
| **સરવાળો** | **૧,૩૫,૫૦,૫૫,૦૦૦.૦૦** | **સરવાળો** | **૧,૩૫,૫૦,૫૫,૦૦૦.૦૦** |

### નફા નુકશાન પત્રક

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| વેપારી નફો | ૩,૩૧,૭૬,૫૦૦.૦૦ | સ્ટાફ પગાર ખર્ચ | ૨,૮૫,૦૦,૦૦૦.૦૦ |
| ડીવીડન્ડ આવક | ૧૮,૬૦,૦૦૦.૦૦ | ઘસારા ખર્ચ | ૨૫,૦૦,૦૦૦.૦૦ |
| ગોડાઉન ભાડા/ટેન્કર ભાડા/ એગ્રીકલ્ચર કમિશન તેમજ અન્ય આવકો | ૧,૫૦,૦૦,૦૦૦.૦૦ | વહીવટી તથા અન્ય ખર્ચા | ૧,૬૦,૦૦,૦૦૦.૦૦ |
| | | ચોખ્ખો નફો | ૩૦,૩૬,૫૦૦.૦૦ |
| **સરવાળો** | **૫,૦૦,૩૬,૫૦૦.૦૦** | **સરવાળો** | **૫,૦૦,૩૬,૫૦૦.૦૦** |

# ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., હિંમતનગર

## પ્રગતિના સોપાન

| વર્ષ | સભાસદ સંખ્યા | શેરભંડોળ (રૂપિયામાં) | રીઝર્વ ફંડ તથા બીજા ફંડો (રૂપિયામાં) | વેચાણ (રૂપિયામાં) | ચોખ્ખો નફો (રૂપિયામાં) | ડીવીડન્ડ વહેંચણી નો દર (ટકામાં) | ઓડીટ વર્ગ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭૮-૧૯૭૯ | ૭૦૦૬ | ૭,૬૪,૯૧૦ | ૬૦,૧૩,૨૭૯ | ૧૫,૬૭,૧૩,૮૭૩ | નફો ૪,૨૬,૪૫૪ | ૧૨.૦૦% | અ |
| ૧૯૮૮-૧૯૮૯ | ૭૩૧૪ | ૨૦,૬૨,૨૦૮ | ૨,૦૦,૧૬,૯૧૧ | ૨૧,૨૮,૩૧,૨૪૦ | નફો ૪,૨૭,૬૩૩ | ૧૨.૦૦% | અ |
| ૧૯૯૮-૧૯૯૯ | ૧૭૮૭૮ | ૨૭,૨૯,૦૪૮ | ૩,૩૪,૧૨,૩૨૭ | ૭૭,૦૮,૭૨,૯૫૮ | નફો૧૦,૪૮,૫૦૦ | ૧૨.૦૦% | અ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૧૭૮૭૩ | ૨૭,૩૧,૫૪૮ | ૩,૫૧,૧૦,૭૯૩ | ૭૭,૮૧,૧૪,૯૪૦ | નફો૧૧,૧૭,૯૩૧ | ૧૨.૦૦% | અ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૧૮૧૨૬ | ૪૧,૦૧,૫૫૮ | ૪,૧૨,૦૭,૧૩૦ | ૬૪,૨૫,૫૪,૦૩૬ | નફો૧૧,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૯૩૭૦ | ૪૯,૯૬,૭૩૮ | ૪,૨૮,૨૫,૧૬૩ | ૧૨૫,૬૮,૩૩,૪૯૮ | નફો૧૨,૬૧,૫૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૭૧૯૭ | ૪૯,૮૮,૩૨૦ | ૪,૪૮,૭૧,૪૩૪ | ૭૫,૧૮,૮૪,૮૨૧ | નફો૧૩,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૭૧૯૨ | ૪૯,૮૭,૯૭૦ | ૪,૬૭,૩૪,૩૦૧ | ૯૬,૨૯,૫૩,૫૩૭ | નફો૧૫,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૭૧૭૫ | ૪૯,૮૭,૦૭૦ | ૫,૧૨,૯૦,૧૬૨ | ૧૩૮,૫૨,૭૯,૫૮૩ | નફો૨૯,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૧૬૭૯૬ | ૪૯,૮૫,૯૭૦ | ૫,૬૨,૭૨,૦૩૧ | ૧૫૭,૭૭,૯૫,૯૭૮ | નફો૬૧,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૧૭૧૫૫ | ૪૮,૮૫,૬૭૦ | ૬,૧૯,૧૫,૨૯૩ | ૧,૮૫,૩૨,૦૯,૮૯૫ | નફો૩૬,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૧૭૨૭૫ | ૫૬,૪૮,૪૬૦ | ૬,૬૩,૧૨,૯૪૫ | ૧,૬૭,૬૮,૨૯,૭૮૪ | નફો૧૮,૫૧,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૨૧૬૨૧ | ૭૮,૮૩,૨૩૦ | ૭,૦૭,૪૧,૯૪૨ | ૧,૫૬,૮૩,૯૩,૬૮૧ | નફો૮૦,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૨૨૬૯૭ | ૮૫,૨૦,૨૫૦ | ૮,૧૬,૬૮,૪૪૨ | ૨,૯૦,૯૦,૦૮,૭૫૪ | નફો૮૦,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૭-૨૦૧૮ | ૨૨૭૮૦ | ૮૬,૫૬,૬૫૦ | ૯,૬૫,૮૨,૯૭૬ | ૨,૯૭,૧૦,૭૮,૧૭૬ | નફો૨,૫૧,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૮-૨૦૧૯ | ૨૨૭૬૮ | ૮૬,૮૮,૨૮૦ | ૧૨,૧૮,૭૪,૩૩૮ | ૧,૨૪,૩૮,૨૯,૨૪૦ | નફો ૪૫,૦૦,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૧૯-૨૦૨૦ | ૨૨૭૦૫ | ૮૪,૨૬,૯૩૦ | ૧૨,૫૫,૮૪,૭૪૩ | ૭૦,૫૯,૩૧,૨૦૨ | નફો ૨૧,૫૫,૦૦૦ | ૧૫.૦૦% | અ |
| ૨૦૨૦-૨૦૨૧ | ૨૨૬૮૬ | ૮૪,૨૧,૨૮૦ | ૧૨,૯૩,૦૮,૯૮૮ | ૭૬,૪૩,૮૨,૭૨૨ | નફો ૨૨,૫૧,૦૦૦ | ૧૨.૦૦% | અ |
| ૨૦૨૧-૨૦૨૨ | ૨૨૬૮૮ | ૮૪,૮૮,૯૩૦ | ૧૩,૪૩,૫૧,૭૩૨ | ૧,૦૫,૦૯,૪૭,૦૫૬ | નફો ૨૩,૧૧,૦૦૦ | ૧૨.૦૦% | અ |
| ૨૦૨૨-૨૦૨૩ | ૨૨૬૭૫ | ૮૪,૮૬,૬૩૦ | ૧૪,૨૯,૯૫,૫૦૪ | ૧,૭૬,૪૫,૭૦,૯૧૧ | નફો ૩૭,૫૧,૦૦૦ | ૧૨.૦૦% | અ |
| ૨૦૨૩-૨૦૨૪ | ૨૨૬૬૫ | ૮૫,૨૪,૦૩૦ | ૧૪,૫૦,૩૨,૪૪૨ | ૧,૧૭,૫૨,૫૮,૮૭૯ | નફો ૧૬,૫૬,૦૦૦ | ૧૦.૦૦%* | ઓડીટ બાકી |

(શેર ડીવીડન્ડ વાર્ષિક સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ)



મહાવીરનગર, હિંમતનગર, જિ. સાબરકાંઠા. મો.૯૯૯૮૬ ૨૦૪૩૬



ગાંભોઈ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.
મો. ૯૮૯૮૩ ૧૦૫૯૧



ભિલોડા, જિ. અરવલ્લી
મો. ૯૯૭૯૨ ૭૬૧૯૮


માલપુર, જિ. અરવલ્લી
મો. ૯૬૬૪૯ ૩૪૬૮૧



ધનસુરા, જિ. અરવલ્લી
મો. ૯૮૭૯૫ ૯૦૭૫૦

:: પ્રકાશક ::

ડૉ.આર.એસ.પટેલ

મેનેજર

**ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ. હિંમતનગર, જિ.સા.કાં.**

ઓફિસ : (૦૨૭૭૨) ૨૪૧૪૭૦ મો. ૯૯૨૫૨ ૪૪૪૬૯

BHAGWATI@HMT.M.9979296030

★ sabarsangh.1949@yahoo.com★ http://sabarsangh.org